જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૨૧ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૩૨ | ૬ | ૧૧૧૩૮ | ૧૭૨૬૨ | ૬ | ૧૭૨૬૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૯ | ૦ | ૪૬૯૯ | ૬૨૨૨ | ૦ | ૬૨૨૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૦૩૬ | ૧૫૬ | ૨૭૧૯૨ | ૨૮૨૧૯ | ૧૬૮ | ૨૮૩૮૭ |
| કુલ | | ૪૨૯૩૦ | ૧૬૨ | ૪૩૦૯૨ | ૫૧૯૬૩ | ૧૭૪ | ૫૨૧૩૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૭ | ૧૫,૬૯,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬૩૬ | ૩૬,૩૬,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી મોબાઈલ ચીલઝડપના બનાવો બનવા પામેલ હોય જેમાંથી મુદ્દામાલના ૧૮ મોબાઈલ ફોન તથા મો.સા. સાથે એક આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી નારોલ પો.સ્ટે.નો મિલ્કત સબંધી અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારુ આપેલ સુચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન હેઠળ નારોલ પો.સ્ટે.વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડના વુ.પોસઈ શ્રી જે.એસ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડના બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ નાઓને બાતમી હકિકત મળેલ કે " એક નંબર પ્લેટ વગરની સ્પલેન્ડર મો.સા. ઉપર બે ઈસમો ચોરી અગર છળકપટથી મેળવેલ કેટલાક મોબાઈલ ફોન રાખી લઈ ઈસનપુર ચાર રસ્તા તરફથી નીકળી અત્રે થઈ વિશાલા સર્કલ તરફ વેચાણ કરવા જનાર છે." જે બાતમી હકીકત આધારે બે પંચો રૂબરૂ વોચમાં રહેતાં થોડીવારમાં બાતમી હકિકતમાં જણાવેલ મો.સા.સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તથા (૨) અભિષેકકુમાર સન/ઓફ રજપાલસિંહ જાતે કૈથવાર (કોરી) ઉ.વ.૧૯ ધંધો.મજુરીકામ રહે.સત્તાધાર સોસાયટીના છાપરામાં ઈસનપુર નારોલ રોડ ઈસનપુર અમદાવાદ શહેર તથા મ.નં.૨૩૦ વલ્લભ પાર્ક સદાની ધાબી પાસે વટવા અમદાવાદ શહેરનાઓ બંને પાસેથી અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૧૮ કિ.રૂ.૮૮૫૦૦/- તથા એક સ્પલેન્ડર મો.સા.કિ.રૂ.૫૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૪૩૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલ અને વીવો કંપનીના મોબાઈલ ફોન બાબતે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૦૬૩/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તેમજ મળી આવેલ બીજા ૧૭ મોબાઈલ ફોન વટવા, ઈસનપુર તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતેથી ચીલઝડપ કરેલાનુ જણાવતા હોય જે બાબતેની આગળની તપાસ તજવીજ ચાલુ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-** વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા મસઈ બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા હે.કો.સફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮



# ગેરકાયદેસર હથિયારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશન



## ગેરકાયદેસર પીસ્ટલ બે મેગ્ઝીન તથા ૪ જીવતા કારતૂસ સાથે એક ઈસમને ઝડપી પાડતી દરીયાપુર પોલીસ

**મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર "એફ" ડીવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા તેમજ સ્ટાફ નાં માણસો** આજરોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય મળેલ બાતમી હકીકત આધારે સુભાનઅલી મોહેબઅલી રાજર ઉ.વ-૨૩ રહે- ગામ- દેરાસર તા-રામસર જી-બાડમેર રાજસ્થાન મોનં-૮૨૯૦૯૦૧૮૯૨ નાનો તા-૧૧/૧/૨૦૨૧ ના કલાક ૧૦/૩૦ વાગે દરીયાપુર ફ્રુટ માર્કેટ રોડ પર જાહેર જગ્યા ઉપર ગેરકાયદેસર હથીયાર પીસ્ટલ બે મેગઝીન સહીતની કિ.રૂ.૨૦૦૦૦/- તથા જીવતા કારતૂસ નંગ-૪ ની કિમત રૂ.૪૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૨૦૪૦૦/- તથા નાણા રૂ.૨૧૯૦/- મોબાઈલ ફોન કિં. રૂ.૧૦,૦૦૦/- કુલ્લે કિં. રૂ.૩૨,૫૯૦/- ના સાથે કોઈ ગુનાહીત ઈરાદે વગર પાસ પરમીટે રાખી લઇ આવી મળી આવેલ ઝડપી પાડી દરીયાપુર પોલીસ સ્ટેશન ગુ.ર.ન-૧૧૧૯૧૦૦૯૨૧-૦૦૬૮ ધી આર્મસ એકટ કલમ ૨૫(૧)બી,એ તથા જીપી એકટ કલમ ૧૩૫ મુજબ શોધી સારી કામગીરી કરેલ છે.

**આરોપી :-** સુભાનઅલી મોહેબઅલી રાજર ઉ.વ-૨૩ રહે- ગામ- દેરાસર તા-રામસર જી-બાડમેર રાજસ્થાન

**મુદ્દામાલ :-** ગેરકાયદેસરની પીસ્ટલ (બે મેગઝીન) સહીતની કિ.રૂ.૨૦૦૦૦/- તથા જીવતા કારતૂસ નંગ-૪ ની કિમત રૂ.૪૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૨૦૪૦૦/- તથા નાણા રૂ.૨૧૯૦/- મોબાઈલ ફોન કિં. રૂ.૧૦,૦૦૦/- કુલ્લે કિં. રૂ.૩૨,૫૯૦/-

**રેડ કરનાર અધિકારી/કર્મચારીઓ:-** (૧) પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા (૨) પો.સબ.ઈન્સ શ્રી કે.સી. પટેલ (૨) મસઈ અકબરખાન શેરખાન (૩) અ.હેડ.કોન્સ જીતેન્દ્રભાઈ સુરજીભાઈ (૪) હે.કો. પુનમભાઈ વિઠ્ઠલભાઈ બનં-૭૭૫૧ (૫) હે.કો. કનુભાઈ વશરામભાઈ બનં-૪૪૮૨ (૬) હે.કો. ચન્દ્રસીહ અજુભાઈ બનં-૪૧૯૦ (૭) પો.કો. ભરતભાઈ ગાડુંભાઈ બનં-૧૦૧૭૩ (૮) લોકરક્ષક વસીમમીયાં ઉસ્માનમીયાં બનં-૫૫૦ (૯) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ બનં-૧૨૭૬૨ (૧૦) લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ બનં-૧૨૧૮૬ (૧૧) લોકરક્ષક સંજયસીંગ માનસીંગ બનં-૧૨૧૮ (૧૨) લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ બનં-૮૨૮૮

| | |
|---|---|
|  |  |


દરિયાપુર
ફોન નં.
૨૧૩૫૭૦૧
GUJARAT POLICE

# પ્રોહી.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના આધારે અનુશંધાને પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી "પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ એ.એસ.આઈ જયેન્દ્રસિંહ રૂપસિંહ તથા સાથેના માણસો નાઇટ પેટ્રોલીંગમા હતા દરમ્યાન નરોડા જી.આઈ.ડી.સી માં આવેલ મોન્ગીનીસ કંપનીની બાજુમાં રોડ ઉપર અંધારામાં ગળીમાં એક ફોડ ફીગો ગાડી જેના આગળના ભાગે નંબર- જીજે-૨૧-એ.એચ-૪૦૮૨ ની કાળી પડી ગયેલ હાલતમાં નંબર પ્લેટ લગાવેલ છે જેનો ચાલક જેનુ નામઠામ મળી આવેલ નથી તે ભારતીય બનાવટના વિદેશી દારુના કુલ ક્વાર્ટર "નંગ -૩૦૪" કિંમત રૂ. કિ.રુ.૪૫,૬૦૦/- તથા એક ફોર્ડ ફિગો ગાડી  સળગી ગયેલ હલતમાં જેની કિ.રૂ.૨૫૦૦૦/- સાથે કુલ્લે રૂપીયા- ૭૦,૬,૦૦/-નો મુદામાલ સાથે તા.૧૦/૦૧/૨૦૨૧ ના કલાક ૦૩/૨૦ વાગે સદરી ગાડી ના ચાલ વિરુધ્ધ ધી પ્રોહી કલમ - ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી), ૯૮(૨), મુજબનો ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૦/૦૧/૨૦૨૧.

## આરોપીનુ નામ

ફોડ ફીગો ગાડી જે સળગી ગયેલ હાલતમાં જેના આગળના ભાગે નંબર- જીજે-૨૧-એ.એચ-૪૦૮૨ ની કાળી પડી ગયેલ હાલતમાં નંબર પ્લેટ લગાવેલ છે નો ચાલક જેનુ નામઠામ મળી આવેલ નથી તે

## મુદ્દામાલ –

ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટર નંગ-૩૦૪  કિ રૂ ૪૫૬૦૦/- તથા ફોડ ફીગો ગાડી જેનો નંબર- જીજે-૨૧-એ.એચ-૪૦૮૨ ની સળગી ગયેલ  કિ રૂ ૨૫,૦૦૦/-  મળી કુલ્લે રૂપિયા ૭૦,૬૦૦/- નો મુદ્દામાલ

## કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ એલ.આર.અભીષેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.




## સરદારનગર પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ- ૬૩/- મળી કુલ્લે કિ.રૂ.૩૧,૫૦૦/- ની મત્તાના જથ્થા સાથે આરોપીને પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સર્વેલન્સ પો.સ.ઇ આઇ.કે.મોથલિયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો. રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ તથા પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ નાઓને સંયુક્ત રીતે ચોક્કસ ખાનગી બાતમી મળેલ કે " બંગ્લા એરીયા સોના પાર્ક સોસાયટી પાસે આવેલ ઇલેકટ્રીક ડીપી પાસેની ખુલ્લી જગ્યામાં મુન્નો માવજી નામનો ઇસમ પોતાના કબજામાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો રાખી સગેવગે કરી રહેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકત વાળી જગ્યાએ રેડ કરતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથે આરોપી મળી આવતાં સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)બી મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે. તારીખ-૧૦/૧/૨૦૨૧

આરોપીઓના નામ;- મુન્નાભાઇ ઉર્ફે મુન્નો સા/ઓ માવજીભાઇ પુજાભાઇ જાતે ચૌહાણ ઉ.વ.૪૦ રહે- શેનુની ચાલી માચીસગલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ;-ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલ નંગ- ૬૩ કિ.રૂ.૩૧,૫૦૦/- નીમત્તાનો

### કામગીરી કરનાર અધીકારી /કર્મચારી ;-

(૧) પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી (૨) પોલીસ સબ ઇન્સ આઇ.કે.મોથલિયા (૩) હે.કો.રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ (૪) હે.કો.પ્રદિપસિહ મહીપાલસિહ બ.ન.૩૬૧૬ (૫) પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ (૬) લોકરક્ષક રીષભસિગ રામમહેશ બ.ન.૭૧૪૧ વિગેરે.





## પીસીબી :

## "સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાક બંગલામાંથી વિદેશી દારુની બોટલો નંગ-૩૦ કિ.રૂ.૨૬,૧૦૦/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી ના માર્ગદર્શન હેઠળ આજરોજ રોજ સ્ટાફના અહેકો વિજ્યસિહ હિન્દુજી, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ,અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે બંગલા નં.૧૫ રાધેકિશન બંગલોઝ સુદામા હોમ્સની બાજુમા નંદીગ્રામ સરદારનગર ખાતે પંચો સાથે રેઈડ કરી આરોપી રાજુભાઈ સુરેશકુમાર આઈ દાસાણી (સિંધી) ને ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૩૦ કિ.રૂ.૨૬,૧૦૦/ ના મુદામાલ સાથે પક્ડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૪૦૨૧૦૧૩૬.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬બી,૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પક્ડાયેલ આરોપી :

(૧) રાજુભાઈ સુરેશકુમાર આઈ દાસાણી (સિંધી) રહે.બંગલા નં.૧૫ રાધેકિશન બંગલોઝ સુદામા હોમ્સની બાજુમા નંદીગ્રામ સરદારનગર અમદાવાદ

**ગુનાની જગ્યા**: નં.૧૫ રાધેકિશન બંગલોઝ સુદામા હોમ્સની બાજુમા નંદીગ્રામ સરદારનગર અમદાવાદ

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૩૦ કિ.રૂ.૨૬,૧૦૦/- નો મુદામાલ



# “ સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર રહેણાક ફલેટ તથા પાર્કીગમાથી વિદેશી દારુની બોટલો નંગ-૧૪૨ કિ.રૂ.૨૬,૮૪૦/ સાથે કુલ્લે રુપિયા ૫૦,૭૦૦/- ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૦.૧.૨૦૨૧ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ અ.હેડ.કોન્સ.મહેન્દ્ર વાસુદેવભાઇ અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. દીપનારાયણ રાજનારાયણ તથા અ.હેડ કોન્સ.જામસિહ રણુભાવિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.હેડ.કોન્સ. દીપનારાયણ રાજનારાયણ ને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મ.ન.૩૦૨ શિવસાગર એપાર્ટમેન્ટ રામા બિસ્કીટની ગલી, એમ.ડી.હાઈસ્કુલ પાસે કુબેરનગર તેમજ ફલેટના પાર્કીગમા લીફટની પાછળ પંચો સાથે રેઈડ કરી આરોપી કમલેશ ઉર્ફે નોનો સુરેશભાઈ શેહજાની ને ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ બોટલ નાની મોટી બોટલો નંગ-૧૪૨ કિંમત રૂ.૨૬,૮૪૦/-, તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિં.રૂ.૫૦,૭૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૦૨૧૦૧૪૪/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી :

કમલેશ ઉર્ફે નોનો સુરેશભાઈ શેહજાની ઉ.વ.૨૬ રહે. મ.ન.૩૦૨ શિવસાગર એપાર્ટમેન્ટ, રામા બિસ્કીટની ગલી, એમ.ડી.હાઈસ્કુલ પાસે કુબેરનગર અમદાવાદ શહેર મુળ રહે.શીવરામ ચાલી શિવસાગર એપાર્ટમેન્ટ સામે, રામા બિસ્કીટ ગલી એમ.ડી.હાઈસ્કુલ પાસે કુબેરનગર અમદાવાદ

વોન્ટેડ આરોપી : પ્રદીપ ઉર્ફે ડેંડો રહે.ઓઝોન સીટી, ગેલેક્ષી અંડર બ્રીજ પાસે આઈ.ટી.આઈ.ની પાછળ, કુબેરનગર અમદાવાદ

ગુનાની જગ્યા : મ.ન.૩૦૨ શિવસાગર એપાર્ટમેન્ટ, રામા બિસ્કીટની ગલી, એમ.ડી.હાઈસ્કુલ પાસે કુબેરનગર તેમજ ફલેટના પાર્કીગમા લીફટની પાછળ

પકડાયેલ મુદામાલ : (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૧૪૨ કિ.રૂ.૨૬,૮૦૦/

(૨) મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૨૦,૦૦૦/

(૩) રોકડા નાણા રૂ.૩,૮૬૦/ મળી કુલ્લે કિ.રૂ.૫૦,૭૦૦/- ની મતાનો મુદામાલ



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૪ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી ની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૬૯/૨૦૨૧

**સાયબર ક્રાઇમઃ** કમલેશભાઇ ધીરજભાઇ લીલા (રહે,યમુના ટ્વીન બંગ્લો, બાકરોલ રોડ, આણંદ) એ તા.૧૦/૦૧/૨૦૨૧ નારોજ સાયબર કાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૬૨૮૯૪૧૮૯૭૩ અને ૬૨૯૧૩૦૧૪૭૮ ના ધારકે કમલેશભાઈના મોબાઈલ ફોનમાં ટેકસ મેસેજ કરી તેમજ ફોન કરી પોતે નોઇડા પેટીએમ વિભાગીય બેંકમાંથી મુખ્ય ગ્રાહક મેનેજર બોલતા હોવાની ઓળખ આપી કમલેશભાઇના પેટીએમ થી ટ્રાન્સફર થયેલ નાણાં રીફંડ આપવાના બહાને પેટીએમ મોબાઇલ નંબર ૯૬૮૨૭૦૧૪૫૯ માં ટ્રાન્સફર કરાવી ઓ.ટી.પી. નંબર મેળવી લઇ, કમલેશભાઇના બેંક ઓફ બરોડાના ખાતામાંથી કુલ રૂપિયા ૬૩,૯૪૨/- ઈન્ટરનેટના માધ્યમથી ટ્રાન્સફર કરાવી લઇ, વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૦/૨૦૨૧

**વાસણાઃ** ગોપાલલાલ અમરચંદ કુમાવત (રહે.શ્રેયસ સોસાયટી બેરેજ રોડ વાસણા) એ તા.૧૦/૦૧/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૧૦/૦૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લેપટોપ કિમત રૂપિયા ૬,૦૦૦/-, ચાંદીની લકી નંગ-૧ કિમત રૂપિયા ૪,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૧ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૧/૨૦૨૧**

**વસ્ત્રાપુરઃ** નિશાંત ભગવાનભાઇ પટેલ (રહે. એટમોસ્ફીઅર માધવા મુલુન્દ ગોરેગાવ લીંક રોડ મુલુંદ વેસ્ટ મહારાષ્ટ્ર) એ તા.૦૯/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ થી ૮/૨૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર એસ.જી હાઇવે પર આવેલ શંભુ કોફી બાર થી અપના અડાની વચ્ચે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા આગત્યના દસ્તાવેજો હતા. આ અંગેની ફરીયાદ નિશાંત પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૨/૨૦૨૧**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** (૧) યોગેશભાઈ બટુકભાઈ પરમાર (ઉ.વ.૩૦) (રહે.મારૂતિનગર વિભાગ-૨ આઝાદનગર નવી ફતેવાડી ધોળકા રોડ તલાવડી સરખેજ) તા.૧૦/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સરખેજ ધોળકા રોડ શક્તિનગર નાકા નજીકથી એક્ટીવા ચલાવી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૦૧ એસ.ઈ.૫૬૨૯ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા યોગેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શેલ્બી હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ નીરવભાઈ માનસિંગભાઈ બારડે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** (૨) ભરતભાઈ અરજણભાઈ ઠાકોર (ઉ.વ.૨૭) (રહે. સરખેજ નવા વણઝર પાણીની ટાંકીની બાજુમાં સરખેજ) તા.૦૯/૦૧/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે સરખેજ ધોળકા રોડ નવી કેનાલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૨૭.કી.બી.૦૫૪૩ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા ભરતભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ નવઘણભાઈ ધુળાભાઈ ભરવાડ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૩/૨૦૨૧**

**ચાંદખેડાઃ**ગૌરીબહેન વા/ઓ વિજયકુમાર પરમાર (ઉ.વ.૨૭) (રહે.શ્રેયાંશ રેસીડેન્સી પુજા ડુપ્લેક્ષની પાસે, આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) તા.૧૦/૦૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ચોથા માળે આવેલ પોતાના ઘરના રસોડાની બાલ્કનીમાં સુકાવેલ કપડા લેવા જતા પગ લપસી જતા, ચોથા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જ્યંતીભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૪/૨૦૨૧**

**દાણીલીમડાઃ** આસીકઅબ્બાસ ગુલામઅબ્બાસ સૈયદ (ઉ.વ.૫૫)(રહે,ગુલમોહર સોસાયટી આમેના મસ્જીદ પાસે વટવા) તા.૦૯/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પીરાણા થી નારોલ તરફ જતા યસ મોટરની બાજુમાં પાવર ફીડ હાઉસ નામની ફેકટરીમાં પાણીના કુલર પાસે ઉભા હતા ત્યારે ફેડર મશીન પલ્ટી ખાઈ જતા આસીકઅબ્બાસને માથામા તથા ડાબા પગના ભાગે ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોહાબખાન અઝીઝખાન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૫/૨૦૨૧**

**શાહીબાગઃ** મનીષાબહેન વા/ઓ ભરતભાઈ સોની (ઉ.વ.૩૦) (રહે.પ્રભુનગર સોસાયટી અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૧ સાજના ૫/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી